# દ્દા પગાર પંચથી વીજ ઇજનેરોમાં ભડકો: રવિવારે કોર બોડીની બેઠક

### વિદ્યુત કામદાર સંઘ સામે ફરી અન્ય પાંચ યુનિયનોનો ઉગ્ર વિરોધ ★ બરોડાની બેઠકમાં હડતાલનું શસ્ત્ર ઉગામશે

રાજકોટ,તા. ૩:બે દિવસ પૂર્વે ગુજરાત રાજય ઉર્જા વિકાસ નિગમ લીમીટેડ દ્વારા દ્દા પગાર પંચના અમલવારીનો સત્તાવાર પરિપત્ર જાહેર કરતાની સાથે જ પી.જી.વી.સી.એલ.ના હજારો એન્જીનીયરોમાં ભારે રોષ ફાટી નીકળ્યો છે.

આ અંગે જાણવા મળતી વિગત મુજબ પી.જી.વી.સી.એલ.ના કર્મચારીઓને દ્દા પગારના લાભમાં એન્જીયરોમાં અન્યાયકર્તા હોવાનો ગણગણાટ શરૂ થયો છે. પી.જી.વી.સી.એલ.ના ઇન્જેરોને દ્દા પગાર પંચમાં રૂા. ૧૩૨૦૦થી ૩૬૬૦૦નો પગાર વધારો થયો છે છતાં નવા પગાર પંચમાં ઇજનેરોની લાગણીનો પડઘો કે વિશ્વાસમાં લેવામાં ન આવ્યા અને માત્ર અપીલ ગુજરાત વિદ્યુત કામદાર સંઘ એક માત્ર યુનિયનને વિશ્વાસમાં પગાર વધારો કરવામાં આવ્યો છે.

પી.જી.વી.સી.એલ.ના અન્ય યુનિયનો વિદ્યુત કામદાર સંઘ સામે ભારે બળાપો વ્યકત કર્યો છે. મેનેજમેન્ટ સમક્ષ ઇજનેરોને નવો પગાર પંચ સ્વીકારવાનો ઇન્કાર કરી દીધો છે અને તા. ૫ના રવિવારે બરોડા ખાતે સીએમસી. કોર બોડી ગ્રુપની તાકીદની બેઠક યોજાઇ છે.

ઇજનેરની તા. ૫ના રવિવારે ગાંધીનગર ખાતે મળનાર કોર ગ્રુપની બેઠકમાં દ્દા પગાર પંચ પ્રશ્ને લડી લેવાનો નિર્ધાર સાથે હડતાલનું શસ્ત્ર અજમાવશે અને તબક્કાવાર આંદોલન છેડશે.(૬.૯)

### ભાજપના વિજેતા પ્રભાતસિંહે ચૂંટણી પંચને આપેલા સોગંદનામામાં ખોટી વિગતો રજુ કર્યાનો આરોપ

# શંકરસિંહે ચૂંટણી પરાજયને હાઇકોર્ટમાં પડકાર્યો

### અમૂક મત કેન્દ્રો ઉપર કબ્જો જમાવ્યો હતો, ચૂંટણી પંચને ફરિયાદ છતાં ફેરમતદાન ન થયું



અમદાવાદ તા.૩ : કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને પુર્વ કેન્દ્રીય મંત્રી શંકરસિંહ વાઘેલાએ ગુજરાત હાઈકોર્ટમાં એક અરજી દાખલ કરીને પંચમહાલ લોકસભા ચૂંટણી પરિણામને પડકારેલ છે અત્રે એ નોંધનીય છે કે હાલમાં જ સંપન્ન લોકસભાની ચૂંટણીમાં પંચમહાલ બેઠક પરથી વાઘેલાનો પરાજય થયો હતો.

ગુજરાત હાઈકોર્ટમાં વાઘેલાએ બે દિવસ પુર્વે અરજી દાખલ કરી હતી. જેમાં આરોપ મુકવામાં આવ્યો છે કે તેમના હરીફ અને પંચમહાલથી વિજેતા ભાજપના ઉમેદવાર પ્રભાતસિંહ ચૌહાણે જે સોગંદનામુ ચૂંટણી પંચમાં દાખલ કર્યુ હતું તેમાં આપવામાં આવેલી માહિતી ખોટી છે. અરજીમાં પુર્વ કેન્દ્રીય મંત્રીએ એવો દાવો કર્યો છે કે જે સ્થળો પર પુર્નમતદાન કરાવવાનો મે આગ્રહ કર્યો હતો તેને જીલ્લા ચૂંટણી અધિકારીએ ગણકાર્યો નહોતો એ મત કેન્દ્રો ઉપર કબ્જો જમાવવાની ઘટના બની હતી.

કોંગ્રેસના આ નેતાએ કહ્યુ છે કે ચૂંટણી પંચના અધિકારીઓએ પુનઃમતદાન ઉપર વિચાર પણ ન કર્યો.

વડાપ્રધાન મનમોહનસિંહની ગત સરકારમાં કાપડ મંત્રી રહેલા વાઘેલા ૨૦૮૧ મતોથી ચૂંટણી હારી ગયા હતા.(૮-૨)

## કારડીયા રાજપૂત કર્મચારીઓના તેજસ્વી વિદ્યાર્થીઓને સન્માનાશે

### માર્કશીટની નકલ ૧૧ જુલાઇ સુધીમાં મોકલો

રાજકોટ, તા. ૩ : શ્રી કારડીયા રાજપૂત કર્મચારી મંડળ પરિવારના અભ્યાસ કરતા બાળકોના શૈક્ષણિક ઉત્કર્ષ માટે વર્ષ ૨૦૦૯માં ધો. ૧ થી કોલેજ સુધીમાં ૬૦ ટકા કે તેથી વધુ માર્ક મેળવી ઉતીર્ણ થયેલ વિદ્યાર્થીઓનું સન્માન કરવાનું છે. વિદ્યાર્થીના વાલીઓએ માર્કશીટ કારડીયા રાજપૂત કર્મચારી મંડળ કાર્યાલય ખાતે દરરોજ સાંજના ૫ થી ૭ સુધી તા. ૩૦ જૂન સ્વીકારવાની હતી પણ તમામ સભ્યો તરફથી માર્કશીટ રજૂ થયેલ ન હોય જેથી ફોર્મ સ્વીકારવાની મુદત તા. ૧૧ જૂલાઈ સુધી લંબાવવામાં આવે છે તો અરજી ફોર્મ તથા માર્કશીટ સમયસર પહોંચાડવા તેમ પ્રતાપસિંહ ગોહિલ જણાવે છે.(૬.૧૫)

## સૌભાગ્યની પ્રાપ્તી માટે કુંવારીકાના મોળાકત વ્રતનો શુભારંભ



રાજકોટ : નાની કુંવારીકાઓ આજથી અષાઢ સુદ અગીયારસના પાવનકારી દિવસથી ભાવિ ભરથાર સૌભાગ્યની પ્રાપ્તી માટે મોળાકત વ્રતનો આજથી મંગલારંભ થયો છે. આજ સવારથી જ કુવારીકાઓ જવારા સાથે મહાદેવ માતાજીના મંદિરે પૂજન - અર્ચન કરવા હોશભેર ભાવપૂર્ણ ગઈ હતી. ચાર-પાંચ દિવસ સવારે પૂજન-અર્ચન કરી બાદમાં જાગરણ કરીને વ્રતની પુર્ણાહુતી કરશે. તે સમયની તસ્વીર.(તસ્વીર :સંદીપ બગથરીયા) (૨-૧૦)

### ગોવિંદભાઇ રાણપરીયા આકરા પાણીએ : કોંગી પ્રેરિત પેનલને જીતાડવા અપીલ

# ભાજપ પાસે માત્ર બે જ ઉમેદવારો હોવા છતા ડેરીની ચૂંટણી બીનહરીફ ન થવા દીધી

### સરકારની સતત દખલગીરી સામે આક્રોશ: દેવેન્દ્ર દેસાઇ બીનહરીફ

રાજકોટ તા.૩ : જીલ્લાના સહકારી આગેવાન અને સાંસદશ્રી વિઠ્ઠલભાઈ રાદડીયાની સહકારી પેનલનો સમગ્ર જીલ્લામાં વિજય થતો રહ્યો છે. તમામ ક્ષેત્રે પ્રભુત્વ છે તે સાબિત કરેલ છે. જેના અનુસંધાને રાજકોટ જીલ્લા દુધ ઉત્પાદક સહકારી સંઘ (રાજકોટ સહકારી ડેરી)નું સંચાલન રાજકોટ જીલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી ગોવિંદભાઈ રાણપરીયાની રાહબરી નીચે સફળતા પૂર્વક ચાલે છે. ડેરીના બોર્ડની ચુંટણી માટે ૩૫ ફોર્મ ભરાયેલ તેમાં ૩૩ ફોર્મ માન્ય રહેલ. ત્યારબાદ ગઈકાલે પાછા ખેંચવાના દિવસે કોંગ્રેસ પ્રેરીત પેનલના ૧૪ તથા ભાજપ અને વ્યકિતગત ૪ સભ્યો જ બાકી રહેલ. વિરોધી પેનલનો રકાસ થયો છે અને નૈતિક રીતે શ્રી ગોવિંદભાઈ રાણપરીયાની પેનલનો બહુમતી સભ્યો તેમની પેનલમાં હોય વિજય થયો છે. હવે ૪ સભ્યો સામા પક્ષે બાકી હોય ૧૪ જુલાઈએ મતદાન થનાર છે. તેમ જિલ્લા કોંગ્રેસની યાદી જણાવે છે.



કોંગ્રેસ પ્રેરીત પેનલમાં ૧૪ ઉમેદવારો છે

(૧) ગોવિંદભાઇ રાણપરીયા (૨) લાલજીભાઈ પોપટભાઈ વેકરીયા (૩) ધીરજલાલ કડવાભાઈ ભુવા (૪) રણછોડભાઈ અરજણભાઈ ભીમાણી (૫) કરમશીભાઈ ગંગદાસભાઈ કકાસણીયા (૬) માહમદ અહમદ માથકીયા (૭)સાજી મામદ કડીવાર (૮) લાલજીભાઈ હરજીભાઈ પટેલ (૯)વલ્લભભાઈ લખમણભાઈ પદમાણી (૧૦) અરજણભાઈ લીંબાભાઈ રામાણી (૧૧) સોનલબેન હરસુખભાઈ અજાણી (૧૨) હંસાબેન હરીભાઈ જાંબુકીયા (૧૩)ટીડીબેન જેસાભાઈ ધરજીયા (૧૪) સવિતાબેન મગનભાઈ લીંબાણી.

કોંગ્રેસ પ્રેરીત પેનલમાં ૪ બહેનોનો સમાવેશ કરવામાં આવ્યો છે

સામા પક્ષે ચાર ઉમેદવારો (૧) દિલીપભાઈ ઢાંકેચા (૨) મનજીભાઈ રાજભાઈ ગોંડલીયા (૩) નૂરમામદ શેરસીયા (૪) ફતેમામદ પરાસરા છે. તેઓની હાર નિશ્ચિત છે. તેમ કોંગ્રેસ જણાવે છે.

ભાજપ પાસે હાલમાં ડેરીના તેમના સભ્યો નહિ હોવા છતા યેનકેન પ્રકારે બિનહરીફ ચુંટણી થાય નહી તે રીતે અપશુકન કરાવવા ઉમેદવારો ઉભા કરવામાં આવે છે. ડેરીની ચુંટણીમાં તેમની પાસે બે ઉમેદવારો રહ્યા અને બે વ્યકિતગત મળી ચાર સભ્યો ચુંટણી લડી રહ્યા છે. સરકારની સતત દખલગીરી અને કાયદાના હોઠા નીચે હેરાનગતી વચ્ચે શ્રી વિઠ્ઠલભાઈ રાદડીયા લોકોના ટેકાના આધારે અડીખમ ઉભા છે. જીલ્લા કક્ષાની બેંક, જીલ્લા સ.ખ.વે.સંઘ, જીલ્લા સહકારી સંઘ અને સહકારી પ્રેસ તેમના માર્ગદર્શન મુજબ ચાલે છે. તેમ ગોવિંદભાઈ રાણપરીયા જણાવે છે.

ડેરીના બોર્ડમાં શ્રી દેવેન્દ્રભાઈ દેસાઈ બિનહરીફ ચુંટાયા છે, સાંસદશ્રી કુંવરજીભાઈ બાવળીયા, જીલ્લા સહકારી બેંકના ઉપપ્રમુખશ્રી ઘનશ્યામભાઈ ખાટરીયા, જીલ્લા ખ.વે.સંઘના પ્રમુખ મગનભાઈ ઘોણીયા, જીલ્લા સહકારી સંઘના પ્રમુખશ્રી છગનભાઈ સોજીત્રા, સહકારી પ્રેસના પ્રમુખ અરવિંદભાઈ તાગડીયા, ધારાસભ્યશ્રી ચંદુભાઈ વઘાસીયા, ધારાસભ્યશ્રી જાવેદભાઈ પીરજાદા, ધીરૂભાઈ ધાબલીયા, ડો.ડાયાભાઈ પટેલ, કુરજીભાઈ ભાલાળા, પ્રવિણભાઈ રૈયાણી, હરીભાઈ અજાણી, બળવંતભાઈ નસીત, જમનભાઈ ધામેલીયા, જીલ્લા પંચાયતના પ્રમુખશ્રી કાંતાબેન મેંદપરા, યુવક કોંગ્રેસ પ્રમુખશ્રી હરદેવસિંહ જાડેજા તથા જીલ્લા સહકારી આગેવાનોએ જીત માટે સક્રિય ટેકો જાહેર કરેલ છે.(૧.૧૨)

## રાજકોટ ડી.આર.ડી.ના નિયામક વી.સી.વર્માને જન્મદિન મુબારક



રાજકોટ : જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના કાર્યદક્ષ નિયામક શ્રી વી.સી.વર્માનો જન્મ ૩ જુલાઈ ૧૯૫૫ના રોજ થયેલ. આજે ગૌરવવંતા જીવનના પંચાવનમાં વર્ષમાં પ્રવેશી રહ્યા છે. મૂળ ઉત્તરપ્રદેશના મેરઠના વતની શ્રી વર્મા સિનિયર અધિક કલેકટર કક્ષાના અધિકારી છે. દૂધમાં સાકર ભળે તેમ ગુજરાતીઓ સાથે ભળી ગયા છે. છેલ્લા અઢી વર્ષથી રાજકોટમાં ફરજ બજાવી રહ્યા છે. વધે તેમની નામના, એવી શૂભકામના.(૧.૧૧)

ફોન નં.(૦૨૮૧)ઓ.૨૪૫૩૮૧૩
મો.૯૮૨૫૦ ૩૯૧૫૦ રાજકોટ.

### ૧૯૬૧થી બીનહરીફ: ૨૧ જુલાઇએ ૭૫મું વર્ષ બેસશે

# રાજકોટ ડેરીમાં દેવેન્દ્રભાઇ દેસાઇ ફરી બીનહરીફ



રાજકોટ, તા. ૩ : રાજકોટ દૂધ ઉત્પાદક સંઘના સ્થાપક અને રચનાત્મક, સહકારી અગ્રણી શ્રી દેવેન્દ્ર દેસાઈ રાજકોટ જિલ્લાની સહકારી ડેરીમાં બીનહરિફ ચૂંટાયેલા જાહેર થયા છે. શ્રી દેસાઈએ રાજકોટ ડેરીની સ્થાપના કરેલી. રાજકોટ જીલ્લા બેંકમાં ૩૫ વર્ષ સુધી ડીરેકટર તરીકે રહ્યા છે અને રાજકોટ ડેરીમાં ૧૯૬૧થી બીનહરિફ ચૂંટાતા આવે છે.

શ્રી દેસાઈ બીનહરિફ ચૂંટાયેલા જાહેર થતાં તેમનો વિશાળ શુભેચ્છક પરિવાર શુભેચ્છા પાઠવી રહ્યો છે. દેવેન્દ્રભાઈ ૨૧મી જૂલાઈએ ૭૫માં વર્ષમાં પ્રવેશ કરશે. સ્વ. ઢેબરભાઈ, સ્વ. મનુભાઈ, સ્વ. વજુભાઈ પાસે સહકારી, રચનાત્મક ક્ષેત્રનું કામ કરેલ. આજે ૭૫ વર્ષની ઉંમરે પણ સાદાયભર્યું જીવન અને સતત પ્રવૃતિમય રહે છે.(૬.૧૫)

### રાજકોટ, કચ્છ સહિત ડઝનથી વધુ જીલ્લાઓમાં આજની તારીખે નહિવત વરસાદ

# ઓ બાપ રે ! ગુજરાતમાં ૯ થી ૨૨ ટકા સુધી વરસાદની ઘટ : વાદળા છવાય છે, વરસતા નથી : કફોડી પરિસ્થિતિ



રાજકોટ તા. ૩ : પાછલા ત્રણ વર્ષની બીજી જુલાઈ અને ૨૦૦૯ના આજના દિવસની તુલના જોઈએ તો ૮.૫૫ ટકાથી માંડીને ૨૧.૨૨ ટકા જેટલો સરેરાશ ઓછો વરસાદ નોંધાયો છે અને આ વર્ષ તદન નબળું સાબિત થઈ રહ્યું છે.

ગુજરાત સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરીટીમાંથી વરસાદના મળતા આંકડાઓ મુજબ તો બીજી જુલાઈ ૨૦૦૬ સુધીમાં રાજ્યના સરેરાશ ૧૩૬.૮૯ મી.મી.(૧૫.૮૭ ટકા) ૨૦૦૭માં ૨૪૪.૩૬ મી.મી.(૨૬.૧૬ ટકા) ૨૦૦૮માં ૧૩૧.૧૪ મી.મી.(૧૩.૪૯ ટકા) વરસાદ નોંધાયો છે. જ્યારે ૨૦૦૯ની બીજી જુલાઈ સુધીમાં ગુજરાતમાં સરેરાશ ૪૭.૧૫ મી.મી. જેટલો જ (૪.૯૪ ટકા) વરસાદ થયો છે જે ૯ થી ૨૨ ટકા જેટલી ઘટ દર્શાવે છે. આ જોતા અમદાવાદ, આણંદ, બનાસકાંઠા, ભરૂચ, દાહોદ, ગાંધીનગર, ખેડા, કચ્છ, મહેસાણા, નર્મદા, પંચમહાલ, પાટણ, રાજકોટ, સાબરકાંઠા, તાપી, વડોદરા વગેરે જિલ્લાઓમાં સરેરાશ વરસાદ નહિવત છે.

જ્યાં સૌથી ખરાબ સ્થિતિ છે તેવા જિલ્લાઓમાં થયેલો સરેરાશ વરસાદ (મી.મી.) અને તેની ટકાવારી પણ ધ્યાન ખેંચે તેવી છે. અમદાવાદ ૧૦ મી.મી.(૧.૩૭ ટકા), આણંદ ૧ મી.મી. (૦.૧૨ ટકા), બનાસકાંઠા ૧૦ મી.મી. (૧.૫૯ ટકા), ભરૂચ ૧૭ મી.મી. (૨.૩૮ ટકા), દાહોદ ૧૮ મી.મી.(૨.૫૮), ખેડા ૪ મી.મી.(૦.૪૫), મહેસાણા ૧ મી.મી. (૦.૧૭ ટકા), નર્મદા ૧૩ મીમી(૧.૧૭ ટકા), પંચમહાલ ૧૯ મી.મી. (૨.૪૭), પાટણ ૯ મી.મી.(૧.૭૨ ટકા), સાબરકાંઠા ૧૨ મી.મી. (૧.૫૩), તાપી ૧૦ મી.મી. (૦.૬૬ ટકા), વડોદરા ૧૦ મી.મી.(૧૧.૫૧ ટકા) વગેરે છે.

અહીં ગુજરાતના જિલ્લાઓમાં છેલ્લા ૪ વર્ષમાં પડેલ વરસાદના પર્સન્ટેજમાં તુલનાત્મક આંકડાઓ આપ્યા છે.

| જિલ્લો-વર્ષ | ૨૦૦૬ | ૨૦૦૭ | ૨૦૦૮ | ૨૦૦૯ |
|---|---|---|---|---|
| અમદાવાદ | ૧૦૪ | ૨૩૪ | ૧૧૫ | ૧૦ |
| અમરેલી | ૧૮૫ | ૨૪૪ | ૯૭ | ૬૦ |
| આણંદ | ૬૨ | ૨૬૯ | ૬૨ | ૧ |
| બનાસકાંઠા | ૫૯ | ૫૫ | ૪૭ | ૧૦ |
| ભરૂચ | ૭૩ | ૩૩૯ | ૧૦૨ | ૧૭ |
| ભાવનગર | ૧૨૮ | ૨૮૬ | ૧૪૪ | ૨૭ |
| દાહોદ | ૯૦ | ૧૧૭ | ૪૨ | ૧૮ |
| ડાંગ | ૨૨૭ | ૪૫૯ | ૧૩૫ | ૪૭ |
| ગાંધીનગર | ૬૯ | ૧૭૭ | ૭૨ | ૦૦ |
| જામનગર | ૭૨ | ૧૬૩ | ૨૪૧ | ૧૪૦ |
| જૂનાગઢ | ૨૧૨ | ૨૦૦ | ૨૨૫ | ૧૮૩ |
| ખેડા | ૬૩ | ૧૮૮ | ૭૧ | ૦૪ |
| કચ્છ | ૨૨ | ૧૦૦ | ૧૦૯ | ૪૪ |
| મહેસાણા | ૧૦૨ | ૮૪ | ૭૭ | ૦૧ |
| નર્મદા | ૧૬૧ | ૫૭૬ | ૧૧૭ | ૧૩ |
| નવસારી | ૩૬૧ | ૪૦૫ | ૩૩૨ | ૪૫ |
| પંચમહાલ | ૯૮ | ૧૦૬ | ૪૮ | ૧૯ |
| પાટણ | ૪૪ | ૬૮ | ૪૩ | ૦૯ |
| પોરબંદર | ૧૦૯ | ૧૫૯ | ૧૪૩ | ૨૮૮ |
| રાજકોટ | ૧૦૦ | ૨૦૪ | ૧૨૮ | ૨૨ |

# સ્ટેપ્લીંગ પધ્ધતિમાં હૃદયની ત્રણે આર્ટરીમાં ઓપરેશાન શકય

### માત્ર કાણુ પાડી થતીસારવારને આશિર્વાદરૂપ ગણાવતા કાર્ડીયો થોરાસિક વાસ્કયુલર સર્જન ડો.સંજય જૈન ★ નાની ઉંમરમાં હૃદયરોગ થવા માટે લાઇફ સ્ટાઇલ ઉપરાંત વારસાગત કારણ પણ એટલુ જ જવાબદાર ★ વેઇન બ્લોક થવાના કિસ્સામાં શારીરિક બાંધો પણ અસર કરે છે ★ વાલ્વના દર્દીઓમાં નોંધનીય ઘટાડો ★ સૌરાષ્ટ્રમાં હૃદયરોગનું પ્રમાણ વધવા માટેહેલ્થ એજયુકેશનનો અભાવ જવાબદાર

રાજકોટ,તા.૩:હૃદયરોગની સારવાર માટે નવી વિકસેલી સ્ટેપ્લીંગ પધ્ધતિને ખુબ આશિર્વાદરૂપ ગણાવતા જાણીતા કાર્ડીયો થોરાસીક વાસ્કયુલર સર્જન ડો.સંજય જૈન કહે છે કે આ પધ્ધતિનો મોટો ફાયદો એ છે કે તેમાં ટાંકા લેવાના બદલે સ્ટેપ્લીંગ કરવામાં આવે છે. વળી હૃદયની ત્રણે આર્ટરીમાં ઓપરેશન શકય બને છે.

'અકિલા'ની શુભેચ્છા મૂલાકાતે આવેલ ડો.જૈને આ અતિ આધુનિક સારવાર પધ્ધતિ ઉપર પ્રકાશ ફેંકતા જણાવેલ કે સ્ટેપ્લીંગ પધ્ધતીમાં મોટો કાપો મારવાને બદલે માત્ર કાણુ પાડીને સારવાર કરવામાં આવે છે. વળી ટાંકા લેવાને બદલે સ્ટેપ્લીંગથી કામ લેવાતુ હોય ખૂબ ઓછી જગ્યામાં કામ થઈ શકે છે. આ પ્રકારે રીકેટ્રેટરી દ્વારા હૃદયની ત્રણે આર્ટરીમાં ઓપરેશન શકય બને છે.

જો કે આ પધ્ધતિ થોડી ખર્ચાળ છે પરંતુ સામે ઝડપી રીકવરી અને વધુ સફળતાના ચાન્સીસ હોવાથી ઘણી આશિર્વાદરૂપ હોવાનું ડો.જૈન કહે છે.

ઓસ્ટ્રેલીયા, ચેન્નાઇ સહિતના સ્થળોએ ખ્યાતિપ્રાપ્ત હોસ્પીટલોમાં સેવા આપી અત્યાર સુધીમાં ત્રણ હજારથી વધુ બાયપાસ સર્જરી કરી છેલ્લા બે વર્ષથી રાજકોટમાં સ્થાયી થઈ હાલ વોકહાર્ટ હોસ્પીટલમાં સેવા આપી રહેલા ડો.સંજય જૈન કહે છે હાલના સંજોગોમાં ખાસ કરીને યંગ જનરેશનમાં હૃદયરોગનું પ્રમાણ વધ્યુ છે તે થોડું ચિંતાપ્રેરક છે.

રેશિયો વર્ણવતા તેઓ કહે છે કે દર મહીને મારી પાસે ત્રણથી ચાર પેશન્ટ એવા બાયપાસ માટેના હોય છે જે ૪૫ની અંદર ઉંમર ધરાવતા હોય છે જયારે એજયોગ્રાફી એન્જીયોપ્લાસ્ટી માટે ૧૦ પેશન્ટ એવા નિકળે છે જે ૪૦ની અંદરની વય ધરાવતા હોય છે.

ખાસ કરીને યુવા વર્ગ આ દર્દનો શિકાર થવાના કારણો વર્ણવતા ડો.જૈન કહે છે કે પહેલુ કારણ તો એ છે કે યંગર્સની લાઈફસ્ટાઈલ ખૂબ ખરાબ હોય છે, સામે એકસરસાઈઝનું પ્રમાણ ઘટયું છે. વ્યસનનું પ્રમાણ વધ્યુ છે. ઉપરાંત હજૂ એક સબળ કારણ જીનેટીકલી છે. જો ૬૦ની આળેગાળેની ઉંમરની કોઈ વ્યકિત હૃદયરોગની અસરમાં આવી હોય તો તેના પછીની પેઢીની વ્યકિત જો કોઈ વ્યસન અપનાવે તો તેને માત્ર ૩૫ થી ૪૦ વર્ષની ઉંમરે અસર વર્તાયા વગર રહેતી નથી.

એ જ રીતે અન્ય પ્રદેશોના પ્રમાણમાં સૌરાષ્ટ્રમાં હૃદયરોગનું પ્રમાણ વધારે શા માટે ? તેવા સવાલના જવાબમાં ડો.જૈને જણાવેલ કે સૌરાષ્ટ્રમાં હેલ્થ એજયુકેશનનો ખૂબ અભાવ છે. વળી અહીંના લોકો સ્વભાવે સરળ હોવાથી અંધશ્રધ્ધા તરફ વધુ વળી જતા હોય છે. એવુય બનતું હોય છેકે કોઈ દર્દીને એક વખત હાર્ટનો હુમલો આવી ગયો હોવા છતાં પણ જરૂરી બાયપાસ જેવી સારવાર કરાવવામાં ઘણી આળસ કરી જતા હોય છે. એટલે આપણે ત્યાં આ બાબતમાં થોડી આરોગ્યલક્ષી જનજાગૃતિ ખૂબ જરૂરી છે.

જો કે ઘણા એવુ કહેતા હોય છે કે આ પ્રકારના રોગ હવે કેમ વધ્યા ? પરંતુ હકિકતમાં તો પહેલા ચોક્કસ નિદાનની સુવિધાઓ ઉપલબ્ધ નહોતી. ખરેખર તો આ પ્રકારની સમસ્યાઓ તો ઉપલબ્ધ હતી જ પણ તેનાથી આપણે સભાન નહોતા. જયારે આજે થોડા સભાન થયા છીએ અને આર્થિક ખર્ચને પહોંચી વળવાની થોડી સધ્ધરતા પણ આવી છે.

વેઈન બ્લોક થવાના કિસ્સામાં શારીરિક બાંધો પણ ભાગ ભજવતો હોવાની ચર્ચા કરતા ડો.જૈન કહે છે યુરોપ, યુ.એસ.એ ના લોકો પ્રમાણમાં વધુ હાઈટ બોડીવાળા હોય છે એટલે સ્વાભાવિક જ છે કે તેમની વેન પણ થોડી મોટી હોય છે. આજ કારણ પુરુષ અને મહિલામાં આ સમસ્યાના પ્રમાણ માટે જવાબદાર છે. પુરૂષ કરતા મહિલાઓમાં આ કેઈસ વધુ ડેન્જર બની રહે છે. જો કે સ્ત્રીમાં ઓબેસીટીનું પ્રમાણ પણ વધુ હોવા સાથે અન્ય બે ત્રણ વધુ ફેકટર પણ કામ કરતા હોય છે.

છેલ્લે આનંદદાયક તારણ વ્યકત કરતા ડો. સંજય જૈને જણાવેલ કે એકાદ દાયકામાં વાલ્વના દર્દીઓમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળી રહ્યાં છે. કદાચ હવેના બે દાયકા બાદ વાલ્વના દર્દો કંટ્રોલ કરવામાં અને નેસ્તનાબૂદ કરવામાં ધારી સફળતા મળી જશે. તેવો આશાવાદ તેમણે વ્યકત કરેલ.

ત્યારે અંતમાં આરોગ્ય જાણવણીની સલાહ આપતા ડો. જૈને વ્યસનમુકત અને એકસરસાઈઝ ફુલસરળ જીવન શૈલી અપનાવવાવ શીખ આપી છે. આ મુલાકાત સમયે હોકહાર્ટ હોસ્પિટલના માર્કેટીંગ મેનેજર રવિ હીરવાણી, મીડીયા કન્સલ્ટન્ટ મનહરભાઈ મજીઠીયા સાથે રહ્યાં હતાં.(૬.૧૩)



અકિલાની શુભેચ્છા મુલાકાતે આવેલ જાણીતા કાર્ડીયો થોરાસીક વાસ્કયુલર સર્જન ડો. સંજય જૈન સાથે અકિલાના મોભી શ્રી કિરીટભાઈ ગણાત્રા, વોકહાર્ટ હોસ્પિટલના માર્કેટીંગ મેનેજર રવિ હીરાવાણી, મીડીયા કન્સલ્ટન્ટ મનહરભાઈ મજીઠીયા તસ્વીરમાં નજરે પડે છે. (તસ્વીરઃ સંદીપ બગથરીયા)

## સ્વાસ્થ્ય સાચવવા આટલુ અવશ્ય

રાજકોટ,: વોકહાર્ટ હોસ્પિટલમાં સેવા આપતા જાણીતા કાર્ડીયોથોરાસીક વાસ્કયુલર સર્જન ડો.સંજય જૈને ખાસ કરીને સૌરાષ્ટ્રના લોકોને સ્વાસ્થ્ય જાળવવા કેટલાક સોનેરી સુચનો કરતા જણાવ્યું છે કે લોકો બેઠાડુ જીવન છોડી કસરતભર્યું જીવન અપનાવે એ જ રીતે ડાયેટીંગ પણ એટલું જ જરૂરી છે. ખોરાક ઉપર પ્રમાણભાન રાખવુ જ જોઈએ. વ્યસન તો પાલવે જ નહીં કેમ કે તેની વારસાગત અસર ઉદ્દભવે છે. સાથે સાથે હેલ્થ એજયુકેશનની પણ આપણે ત્યાં તાતી જરૂરીયાત છે. આરોગ્યલક્ષી જનજાગૃતિ થવી જરૂરી છે.(૬.૧૩)

## અત્યાર સુધીમાં ડો.સંજય જૈન દ્વારા ૩૦૦૦થી વધુ બાયપાસ સર્જરી



રાજકોટ,: ઓસ્ટ્રેલીયા, ચેન્નઈ જેવા સ્થળોએ સેવા આપી ચૂકનાર જાણીતા કાર્ડીયોથોરાસીક વાસ્કયુલર સર્જન મુળ રાજકોટના વતની છે. ગુજરાતી જૈન પરિવારમાંથી આવતા ડો.જૈન બાયપાસ અને વાલ્વના ઓપરેશનોમાં માસ્ટરી ધરાવે છે. અત્યાર સુધીમાં ૩ હજાર બાયપાસ સર્જરી કરી ચૂકયા છે. તેમજ છેલ્લા બે વર્ષથી ફરી રાજકોટ સ્થાયી થયા છે અને હાલ એન.એમ. વિરાણી વોકહાર્ટ હોસ્પીટલમાં સેવા આપી રહ્યા છે.(૬.૧૩)